# આજથી સ્વચ્છ ભારત ઝુંબેશ

નવીદિલ્હી, તા.૧

દેશભરમાં આવતીકાલે મોટા પાયે સાફ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. આશરે ૩૧ લાખ જેટલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ જુદા જુદા જાહેર કાર્યક્રમોમાં ભાગ લઈને સાફ સફાઈ ઝુંબેશમાં ભાગ લેશે. વધુમાં લાખો રાજ્ય સરકારના કર્મચારીઓ પણ વ્યાપક ઝુંબેશમાં ભાગ લેવા તૈયાર થઈ ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુરુવારના દિવસે આ મહાકાય ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. નરેન્દ્ર મોદી પહેલાથી જ સાફ સફાઈ ઝુંબેશને લઈને ખુબ જ સાવધાન અને આક્રમક રહ્યા છે. એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, બીજી ઓક્ટોબરને સ્વચ્છતા શપથ દિવસ તરીકે ઉજવવામાં આવશે. તમામ સરકારી ઓફિસો અને જાહેર કાર્યક્રમોમાં પણ આ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. તમામ સરકારી અને જાહેર ઓફિસોમાં વરિષ્ઠ અધિકારી સાફ સફાઈનું નેતૃત્વ કરશે. આશરે ૩૦.૯૮ લાખ કેન્દ્ર સરકારના કર્મચારી આમા જોડાશે. દરેક કેન્દ્ર સરકારના વિભાગે તેના કર્મચારીઓને સાફ સફાઈ માટે શપથ પણ લેવડાવવામાં આવશે. કેન્દ્રીય ગૃહસચિવ અનિલ ગોસ્વામીએ કહ્યું છે કે, તેઓ ગૃહ મંત્રાલય અને અંગત બાબતોના મંત્રાલયમાં કર્મચારીઓને શપથ લેવડાવશે. વડાપ્રધાન સ્વચ્છ ભારતની હાંકલ કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૯ સુધી સ્વચ્છ ભારતના મહાત્મા ગાંધીના સ્વપ્રને પૂર્ણ કરવા સામૂહિક ઝુંબેશ ચલાવવામાં આવશે. વર્ષ ૨૦૧૯માં રાષ્ટ્રપિતાની જન્મજયંતિ ઉજવવામાં આવનાર છે. આને સફળ બનાવવા માટે વ્યાપક જાહેર જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૧ લાખ જેટલા કર્મચારીઓ આ ઝુંબેશમાં જોડાશે ત્યારે આને ખુબ મોટી સફળતા મળી શકે છે. કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની પણ સ્વચ્છ ભારત અભિયાનને પ્રોત્સાહન આપશે. કેન્દ્રીય ખાણ, સ્ટીલ અને શ્રમ પ્રધાન નરેન્દ્રસિંહ તોમર નવી દિલ્હીમાં સ્વચ્છ ભારત અભિયાન હાથ ધરશે. દરમિયાન જુદા જુદા વિભાગોના વડાઓ પણ આમા ભાગ લેનાર છે. નરેન્દ્ર મોદી આનું નેતૃત્વ કરશે. દેશભરમાં આને સૌથી મોટા અભિયાન તરીકે ગણવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગતરીતે નવીદિલ્હીમાં રાજપથથી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરશે. હજારો સ્કૂલી બાળકો, કોલેજના વિદ્યાર્થીઓ અને સરકારી અધિકારીઓ પણ મોદી સાથે જોડાય તેવી શક્યતા છે. નવી દિલ્હીમાં તમામ સરકારી કર્મચારીઓ મહાત્મા ગાંધીના જન્મજયંતિ દિવસે કામ કરશે. વડાપ્રધાન રાજઘાટ ઉપર જઈને પુષ્પાંજલિ પણ અર્પણ કરશે. મધ્ય દિલ્હીમાં વાલ્મિકી કોલોનીમાં તેઓ ભાગ લેશે. જો કે, નરેન્દ્ર મોદી વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢી શકશે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરવામાં આવી નથી.



## વિધાનસભા ચૂંટણી માટે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

નવીદિલ્હી, તા.૧

હરિયાણા અને મહારાષ્ટ્રમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપે આક્રમક યોજના તૈયાર કરી લીધી છે. આના માટેની યાદી પણ તૈયાર કરી લેવામાં આવી છે. ભાજપે હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માટે ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી તૈયાર કરી લીધી છે. આ સ્ટાર પ્રચારકોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ, કેન્દ્રીય પ્રધાન રાજનાથસિંહ, નાણાપ્રધાન અરુણ જેટલી, વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી અને પક્ષના સાંસદ હેમામાલિનીનો સમાવેશ થાય છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, સ્ટાર પ્રચારકોની યાદીમાં પણ એલકે અડવાણી અને એમએમ જોશીનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ભાજપની સર્વોચ્ચ નિર્ણય લેતી સમિતિ સંસદીય બોર્ડમાંથી પણ અડવાણી અને જોશીને અગાઉ પડતા મુકવામાં આવ્યા હતા. હરિયાણાના નેતાઓના નામ પણ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે રાજ્ય ભાજપ પ્રમુખ અને વર્તમાન ધારાસભ્ય દેવેન્દ્ર ફડનવિસ, વરિષ્ઠ નેતા વિનોદ તાવડે, એકનાથ ખડસેનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી ભાજપ માટે ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે, મહારાષ્ટ્ર અને હરિયાણાના લોકસભાની ચૂંટણી બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. બંને રાજ્યોમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટાભાગની બેઠકો જીતી લીધી હતી. ચૂંટણી પંચે મહારાષ્ટ્ર અને હરિયાણામાં એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. ૧૫મી ઓક્ટોબરના દિવસે ચૂંટણી યોજાનાર છે. બંને રાજ્યો માટે મતગણતરીની પ્રક્રિયા ૧૯મી ઓક્ટોબરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. ભાજપ, શિવસેના, કોંગ્રેસ અને એનસીપીમાં મહારાષ્ટ્ર ચૂંટણી મહત્વપૂર્ણ છે.

## ગોરખપુર પાસે બે ટ્રેન ટકરાતા ૧૬ યાત્રીના મોત, ૫૦ ઘાયલ

ગોરખપુર,તા. ૧

ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં બરૌની એક્સપ્રેસના પાટા પરથી ખડી પડેલા ડબ્બાની સાથે નજીકના પાટા પરથી પસાર થઈ રહેલી કૃષક એક્સપ્રેસ ટકરાઈ જતા ઓછામાં ઓછા ૧૬ યાત્રીઓના મોત થયા છે અને અન્ય ૫૦ યાત્રીઓ ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પુર્વોત્તર રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી આલોકસિંહે કહ્યું છે કે રાત્રે આશરે ૧૧-૧૫ વાગે આ બનાવ બન્યો હતો. હજુ પણ આ રૂટ પર ટ્રેન સેવા ફરી શરૂ કરી શકાઈ નથી. ગોરખપુર અને કેન્ટ રેલવે સ્ટેશન વચ્ચે લખનૌથી બરૌની તરફ જઈ રહેલી એક્સપ્રેસના પાછળના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. ત્યારબાદ નજીકના પાટા પરથી પસાર થઈ રહેલી કૃષક એક્સપ્રેસ ટકરાઈ ગઈ હતી. આ ટ્રેનનુ એન્જિન ખડી પડેલા ડબ્બા સાથે ટકરાઈ જતા બનાવ બન્યો હતો. ગમખ્વાર દુર્ઘટના



નન્દાનગર રેલવે ક્રોસિંગની નજીક બની હતી.સિંહે કહ્યું હતુ કે ટક્કરના લીધે બરૌની એક્સપ્રેસના ડબ્બાને ભારે નુકસાન થયું હતુ. અનેક યાત્રીઓ ઘાયલ થઈ ગયા હતા. રેપિડ એક્સશન ફોર્સ, ગોરખા રેજિમેન્ટ અને રેલવે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ડબ્બામાં ફસાયેલા લોકોને બહાર કાઢીને હોસ્પિટલમાં ખસેડવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ બનાવમાં ઘાયલ થયેલા લોકોને સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. નજરે જોનાર સાક્ષીઓએ કહ્યું હતું કે આ બનાવ કુબ મોટો હતો. તેમાં કેટલાકના મોત થઈ ગયા હતા. બનાવના કારણે ગોરખપુર-વારાણસી રેલમાર્ગ પર ટ્રેનની અવર જવર બંધ કરી દેવામાં આવી હતી. રેલવે અકસમાત બાદ અસરગ્રસ્ત ટ્રેકને ત્રણ કલાક બાદ કૃષક એક્સપ્રેસને બેક કરાવીને ખાલી કરાવીને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.રેલવે કમિશ્નરે દુર્ઘટનામાં મારપ્યા ગયેલા લોકોને પરિવારના સભ્યોને બે બે લાખ રૂપિયાની જાહેરાત કરી હતી. જ્યારે ઘાયલ થયેલા લોકોના પરિવારને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે. રેલવે અકસમાતને લઈને હેલ્પલાઈન નંબરની શરૂઆત કરવામાં આવી હતી. રેલવે અને ગોરખપુર જિલ્લા વહીવટીતંત્રની બચાવ ટીમ તરત જાણ થયા બાદ પહોંચી ગઈ હતી. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રદાન અખિલેશ યાદવે બનાવ અંગે દુખ વ્યક્ત કરીને તમામ મદદ કરવાની ખાતરી આપી છે.રેલવે દ્વારા પણ મૃતકોના પરિવારને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

**૨૦૧૪માં મોનસુનમાં ઓછો વરસાદ નોંધાયો**

## ૧૨ ટકા ઓછા વરસાદ સાથે મોનસુન સિઝન પૂર્ણ : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧

દેશભરમાં મોનસુનની સિઝનની આખરે પુર્ણીહુતિ થઈ ગઈ છે. મોનસુન સિઝન ૧૨ ટકા ઓછા વરસાદ સાથે પૂર્ણ થઈ છે. સપ્ટેમ્બર મહિનાની પૂર્ણાહુતિની સાથે જ મોનસુન સિઝન હવે પૂર્ણ થઈ છે. ૧૨ ટકા ઓછો વરસાદનો મતલબ એ થયો કે દેશમાં વરસાદ ઓચો જ રહ્યો છે. સપ્ટેમ્બર મહિનામાં દેશભરમાં સારો વરસાદ રહ્યો હતો. આ મહિનામાં દેશભરમાં સામાન્ય કરતા ૧૦ ટકા વધારે વરસાદ રહેતા આ મહિનાને નિષ્ણાંત શ્રેષ્ઠ ગણી રહ્યા છે. સપટેમ્બરા મહિનામાં દેશભરમાં સરેરાશ વરસાદ ૧૯૧.૫મીમી રહ્યો હતો. જે સામાન્ય વરસાદ ૧૭૩.૫ મીમી કરતા વધારે છે. જો કે મોડેથી આ વખતે વરસાદની શરૂઆત થઈ હતી. આ વખતે પણ હમેશની જેમ કેટલાક રાજ્યોમાં પુરની સ્થિતી સર્જાઈ હતી. જેમાં જમ્મુ કાશ્મીરમાં પુરનો સમાવેશ થાય છે. મોડેથી વરસાદના કારણે સિઝનલ અછત પર તેની હકારાત્મક અસર થઈ હતી. ઓગષ્ટના અંતે સિઝનલ અછતનો આંકડો ૧૮ ટકા હતા. દેશમાં ૩૬ હવામાન સાથે સંબંધિત સબડિવિઝનમાં જુન અને સપ્ટેમ્બર દરમિયાન સામાન્ય વરસાદ નોંધાયો હતો.કૃષિની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતા ઉત્તર ભારતમાં સૌથી ઓછા પ્રમાણમાં વરસાદ રહ્યો છે. દેશભરમાં હાઈએસ્ટ શોર્ટફેલની દ્રષ્ટિએ ઉત્તર ભારત રહેતા ચિંતા વધી ગઈ છે. હરિયાણા અને પસ્ચિમ ઉત્તરપ્રદેશમાં ડેફિસિટનો આંકડો ૫૬ ટકાની આસપાસ છે જ્યારે પંજાબમાં આ આંકડો ૫૦ ટકાની આસપાસ છે. જે મુશ્કેલ સ્થિતી સર્જી શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઓછા વરસાદની સીધી અસર લાંબા ગાળે મોંઘવારી પર જોવા મળી શકે છે.મોંઘવારીને લઈને સામાન્ય લોકો પહેલાથી જ ભારે પરેશાન થયેલા છે.

## નેશનલ હેરાલ્ડ : સોનિયા ગાંધી મુદ્દે સુનાવણી ટળી

નવીદિલ્હી, તા.૧

દિલ્હી કોર્ટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ઉપપ્રમુખરાહુલ ગાંધી અને પક્ષના અન્ય નેતાઓને આવરી લેતી અરજી ઉપર સુનાવણી આજે ત્રીજી નવેમ્બર સુધી મોકૂફ કરી દીધી હતી. અંતિમ સુનાવણી માટે આ તારીખ નક્કી કરવામાં આવી છે. નેશનલ હેરાલ્ડ ડેઈલીને મેળવી લેવા સાથે સંબંધિત આ કેસ છે. જસ્ટિસ વીપી વૈશ્યએ કહ્યું હતું કે, તેઓ ત્રીજી નવેમ્બરથી દરરોજના આધાર પર કેસની સુનાવણી હાથ ધરવામાં આવશે. ગાંધી ઉપરાંત કોંગ્રેસના ખજાનચી મોતીલાલ વોરા, પરિવારના મિત્ર સુમન દુબે, ઓસ્કાર ફર્નાન્ડીઝ દ્વારા પણ હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી છે. સાથએ સાથે ટ્રાયલ કોર્ટ દ્વારા તેમની સામે જારી કરવામાં આવેલા સંમન્સને રદ કરવાની પણ માંગ કરી છે.

ભાજપના નેતા સુબ્રમણયમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધાર પર તેમની સામે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. દરમિયાન ટ્રાયલ કોર્ટમાં ફોજદારી કાર્યવાહી ઉપર હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલા સ્ટેને સુનાવણીની આગામી તારીખ સુધી જારી રાખવામાં આવશે. ભાજપના નેતા સુબ્રમણયમ સ્વામીએ દાવો કર્યો હતો કે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જે યંગ ઈન્ડિયન લિમિટેડના બહુમતિ શેર ધારકો છે તેમને એસોસિએટેડ જનરલ લિમિટેડના અધિગ્રહણથી મોટો ફાયદો થયો હતો. ૨૬મી જૂનના દિવસે ટ્રાયલ કોર્ટે કોંગ્રેસના નેતાઓ સામે સમન્સ જારી કર્યા હતા. એજેએલના અધિગ્રહણમાં છેતરપિંડીનો આક્ષેપ સ્વામી દ્વારા કરવામાં આવ્યો હતો. એજેએલ હાલમાં નિષ્ક્રિય થયેલા નેશનલ હેરાલ્ડ ન્યુઝ પેપરના પબ્લિશર તરીકે છે. અરજી દાખલ કરતા કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે, સ્વામી રાજકીય હરીફ છે અને જાણી જોઈને પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસ કરાયા છે.

**મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)**

પાંચ હજારથી વધુ નકલોનો ફેલાવાનો આગ્રહ મૂકીને માત્ર પાંચ સોથી હજાર નકલોનો ફેલાવો થાય તો. તે મુજબ કાગળ, પ્રિન્ટીંગ, પોસ્ટીંગ-વિતરણ... બધાનો ઓછામાં ઓછો વાર્ષિક ખર્ચ લાખ રૂપિયા ઉપર થાય છે. અને સરકારે સાચા અને નિયમિત ચાલતા લઘુ અખબારોને વાર્ષિક સવા થી દોઢ લાખની જાહેરખબર આપવી જોઈએ. જેથી લઘુ અખબારોને તંત્રી પૂર્ણ સમય પત્રકારિત્વ નિષ્ઠાથી નિભાવી શકે. પોતાના નાના પરિવારનું ભરણપોષણ પણ કરી શકે. દસ-પંદર કે વીસ વર્ષથી નિયમિત ચાલતા લઘુ અખબારોનો તમામ ખર્ચ સરકારે વહન કરીને એના તંત્રીની શૈક્ષણિક લાયકાત, લેખનશૈલી અને કારકિર્દીને આધારે માસિક માનદ્ વેતન આપવાની વ્યવસ્થા પણ હોવી જોઈએ. તથા રહેઠાણ માટે સરકારી મકાન પણ આપવું જોઈએ. આવા તંત્રીઓને એક્રેડિટેશન કાર્ડ કાયમી ધોરણે આપી દેવા જોઈએ. જેથી માહિતીખાતું પણ આ દર વર્ષે રિન્યુની ઝંઝટમાંથી મૂક્તિ મેળવી રચનાત્મક કામગીરી કરી શકે. સરકારી પત્રકારોને માટે દર બે વર્ષે રિફ્રેશર કોર્ષ પણ યોજવો જોઈએ. પ્રતિવર્ષ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ લઘુ અખબારોને પુરસ્કારો પણ આપવા જોઈએ.

સ્વતંત્રતા એ પ્રત્યેક નાગરિકનો અધિકાર છે પરંતુ આ સ્વતંત્રતાનો પત્રકારિત્વ ક્ષેત્રે ગેરબંધારણીય ઉપયોગ થાય છે. પત્રકારત્વ એ ચોથી જાગીર છે. તો એ મુજબ એનો પાવર હોવો જોઈએ એની ગરિમા હોવી જોઈએ, માનમોભો-પ્રતિષ્ઠા હોવા જોઈએ અને આ ગૌરવ જાળવવા કેન્દ્ર સરકારે પણ 'અખબાર શરૂ કરવાની પદ્ધતિમાં' મૂળથી ફેરફારો કરવાની જરૂર છે.

આપણા દેશની લોકશાહીને ખતમ કરી નાખનારા બે મુખ્ય પરિબળો છે એક અશિક્ષિત-અભણ રાજકારણીઓ અને આવા જ પત્રકારો... બાકી આજે પટાવાળાની નોકરી માટે પણ લાયકાતની જરૂર છે અને કલાર્ક માટે પણ ગ્રેજ્યુએટની લાયકાત જોઈએ છે. જ્યારે પત્રકાર કે નેતા થવા માટે કોઈ લાયકાત જોતી નથી. જ્યાં સુધી આ બે ક્ષેત્રમાં આ પરિવર્તન નહીં આવે ત્યાં સુધી આપણું પત્રકારત્વ અને લોકશાહી હંમેશાં અધોગતિને જ પંથે રહેશે.

**ત્રાસવાદીઓ સંદર્ભે ગુપ્ત માહિતીની આપ-લે કરવામાં આવશે**

## સ્માર્ટ સિટીના મામલે મોદીને બરાક ઓબામાનો ટેકો મળ્યો

વોશિગ્ટન,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વોશિગ્ટનમાં ઓવલ ઓફિસ ખાતે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે ઐતિહાસિક બેઠક યોજી હતી. જેમાં વિવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવી હતી. મોદીને ત્રણ સ્માર્ટ શહેર બનાવવામાં મદદ કરવાની અમેરિકાએ જાહેરાત કરી છે.ય ઓવલ ઓફિસમાં વાતચીત બાદ સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતુ. જેમાં જણાવવામાં આવ્યું હતું કે અલ્હાબાદ, અજમેર અને વિશાખાપટ્ટનમમાં ત્રણ સ્માર્ટ શહેરના વિકાસમાં અમેરિકા ભારતની મદદ કરશે. આની સાથે સાથે અમેરિકા ભારતના ૫૦૦ શહેરોમાં નાગરિક સમાજ અને સ્તાનિક તંત્રની ।સાથે મળીને સ્વચ્છ પીવાના પાણી અને અન્ય ગંદકીના નિવારણ પર કામ કરશે. શિખર વાતચીત બાદ બન્નેએ કહ્યુંહતુંકે સાઉથ અને વેસ્ટ એશિયામાં




સ્થાયી થયેલા ત્રાસવાદના પડકારને પહોંચી વળવા ગુપ્ત સુચનાની આપલે માટે પણ સહમતી થઈ છે. મોદીએ અમેરિકી કંપનીઓને ભારત આવવા માટેનુ આમંત્રણ આપ્યું હતુ. વિશ્વ વેપાર સંગઠન પર બન્ને નેતાઓ વચ્ચે વાતચીત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને ઐતિહાસિક વ્હાઈટ હાઉસમાં મળ્યા હતા. આ બેઠકમાં ઓબામા અને મોદીએ શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરી હતી. જેમાં આતંકવાદનો સમાવેશ થાય છે.અગાઉ મોદી વ્હાઈટ હાઉસ ખાતે પહોંચ્યા ત્યારે જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. બહાર પણ રંગારંગ કાર્યક્રમોનુંઆયોજન કરવામાં આવ્યુંહતુ.મોદી મેરિલેન્ડના ગવર્નરને મળ્યા હતા. આ ઉપરાંત માર્ટિન ઓ મેલ્લી સાથે વાતચીત કરી હતી. મોદીએ એક પછી એક બેઠકોનો દોર જારી રાખ્યો હતો જેમાં અમેરિકાના સંરક્ષણમંત્રી સાથેની બેઠકનો પણ સમાવેશ થાય છે. ચક હેઝલ સાથેની આ બેઠક પણ લાંબી ચાલી હતી જેમાં આતંકવાદનો મુદ્દો છવાયો હતો. મોદીએ મહાત્મા ગાંધીની પ્રતિમા નજીક પણ લોકોને મળ્યા હતા અને પુષ્પાંજલિ પ્રતિમા સમક્ષ આપી હતી.

મોદીએ વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસની બહાર મહાત્મા ગાંધીની પ્રતિમા પર પુષ્પાંજલિ આપી હતી. મોદી પાંચ દિવસની યાત્રા હવે પૂર્ણ કરી રહ્યા છે. તેમની યાત્રા ખુબ સફળ રહી છે. મોદી અમેરિકામાં પણ પાંચ દિવસ સુધી છવાયેલા જ રહ્યા હતા.

## ફેસબુક સીઈઓ મોદીને મળવા ભારતમાં આવશે

વોશિગ્ટન,તા. ૧

ફેસબુકના સહસ્થાપક માર્ક ઝુકરબર્ગ ભારતમાં આવનાર છે. ઝુકરબર્ગ ઓક્ટોબર મહિનામાં જ ભારત આવશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે




વાતચીત કરશે. સોશિયલ નેટવર્કિંગ મહાકાય કંપની ફેસબુક માટે ભારત વિશ્વના સૌથી મોટા બજાર તરીકે છે. મોદી સાથે તેમની બેઠકને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૯મી અને ૧૦મી ઓક્ટોબરના દિવસે ઈન્ટરનેટ ડોટ ઓઆરજી શિખર બેઠકનું આયોજન કરાયું છે જેમાં ઝુકરબર્ગ સંબોધન કરશે. યુવા અબજોપતિમાં સ્થાન ધરાવનાર ઝુકરબર્ગ અન્ય ચાવીરૂપ મંત્રાલયોના વડાઓને પણ મળશે. અમેરિકા સ્થિત કોર્પોરેશનના ત્રીજા હાઈપ્રોફાઈલ સીઈઓ તરીકે છે. અમેરિકાના જેફ બેઝોજ અને માઈક્રોસોફટના સત્યનાડેલા થોડાક દિવસમાં જ ભારતની મુલાકાત લેનાર છે.

## સમાચાર ઝલક

- વ્હાઈટ હાઉસના ઈતિહાસમાં પ્રથમવાર શાકાહારી ડીનર અપાયું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માનમાં ડીનર યોજાયેલ હતું.
- કલકત્તામાં દુર્ગામાની મુર્તિને ૧૦ કરોડના હીરાથી સુશોભિત કરવામાં આવી.
- જામનગર જિલ્લામાં ચાર સ્થળે વીજળી પડી. ૪ ને ગંભીર ઈજા.
- શાળા-કોલેજો-કચેરીઓમાં તહેવારોના લીધે મીની વેકેશનનો માહોલ.
- ઉત્તરપ્રદેશમાં લશ્કરી હેલીકોપ્ટરને અકસ્માત થતાં બે પાઈલોટનાં મોત.
- સૌરાષ્ટ્રનાં દરિયાકિનારે બે બોટ સાથે ૨૪ ખલાસીઓનું અપહરણ.
- બગોદરા હાઈવે પર એક જ પરિવારના પાંચ વ્યકિતઓનાં અકસ્માતમાં કરૂણ મોત.
- વિશ્વના ૭૨ દેશોમાં ગર્ભપાત પ્રતિબંધિત છે.
- ભારતમાં ૫૦ ટકા વ્યકિતઓ બ્લડપ્રેશરથી પીડાય છે.
- ગુડબાય ઓરકુટ આખરે બંધ થઈ.
- ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર, હવે ટુંકી બાંયના ખાદીના ઝભ્ભાની વિશેષ માંગ.
- જમ્મુ-કાશ્મીરમાં પુર પ્રકોપથી ૧ લાખ કરોડનું નુકશાન.
- સળંગ રજાઓને કારણે સોનું મોંઘુ બન્યું.
- પાનકાર્ડ ધરાવનારે ઈન્કમટેક્ષ રીટર્ન હવેથી ફરજીયાત ભરવું પડશે.

**૫૧ કિલોગ્રામ વર્ગમાં મેરીકોમને સુવર્ણ ચંદ્રક**

## મેરીકોમે ગોલ્ડન પંચ ફરી લગાવીને ઈતિહાસ રચ્યો

નવીદિલ્હી,તા. ૧

ઈંચનમાં ચાલી રહેલી એશિયન રમતોત્સવમાં ભાજપની સ્ટાર ખેલાડી અને પાંચ વખતની વિશ્વ ચેમ્પિયન તથા લંડન ઓલિમ્પિકમાં કાંસ્ય ચંદ્રક જીતનાર મેરી કોમે વધુ એક સુવર્ણ ચંદ્રક જીતાડીને આજે ભાજપને વધુ એક સિદ્ધિ અપાવી હતી. મેરી કોમે ગોલ્ડન પંચ લગાવીને



એશિયન ગેમમાં બોકિંસગમાં મહિલાઓના ૫૧ કિલોગ્રામ વર્ગમાં ભારતને સુવર્ણ ચંદ્ર અપાવ્યું હતું. આ જીતની સાથે જ મેરીકોમ એશિયન ગેમ્સમાં ભારત માટે સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ મહિલા બોક્સર બની ગઈ છે. આજે રમાયેલી ફાઈનલ મેચમાં મેરીકોમે કઝાકિસ્તાનની બોક્સર સિકેર બીઓવાને ૨-૦થી હાર આપી હતી. ભાજપે આની સાથે જ સાત સુવર્ણ ચંદ્રક એશિયન ગેમ્સમાં જીત્યા છે. ભારતે આ રમતોત્સવમાં હજુ સુધી સાત ગોલ્ડ, આઠ સિલ્વર, ૩૨ બ્રોન્ઝ સહિત કુલ ૪૭ મેડલ જીત્યા છે. મેડલ ટેબલમાં ભારત ૧૦માં ક્રમાંક ઉપર છે જ્યારે કુલ મેડલની સંખ્યાની દ્રષ્ટિએ ભારત પાંચમા સ્થાન ઉપર છે. ભારતનો દેખાવ દિન પ્રતિદિન સુધરી રહ્યો છે. મેરીકોમની શાનદાર જીત રેફરીની ગલતીના કારણે ફાઈનલમાં પહોંચવાથી વંચિત રહી ગયેલી બોક્સર સરિતા દેવી અને દેશવાસીઓ માટે કોઈ સુખદ અનુભવથી ઓછું નથી. મેરીકોમે કહ્યું હતું કે, સરિતા અને પોતાના ત્રણ બાળકો માટે તે ગોલ્ડ જીતવા ઈચ્છુક હતી. મેરીકોમે કહ્યું હતું કે, તેના માટે આ ચંદ્રકના ઘણા અર્થ રહેલા છે. તે સરિતાના આંસુ જોઈ શકતી નથી. તેની સાથે અન્યાય થયો છે. આજ કારણસર તે કોઈપણ કિંમતે ગોલ્ડ જીતવા ઈચ્છુક હતી અને આખરે તેનું સ્વપ્ર પૂર્ણ થયું છે.

## સરિતા દેવીએ મેડલ પહેરવા ઈન્કાર કર્યો

નવીદિલ્હી, તા.૧

ઈંચનમાં ચાલી રહેલા એશિયન રમતોત્સવમાં ભારત માટે આજનો દિવસ એક બાજુ ખુબ જ યાદગાર રહ્યો હતો પરંતુ ભારતીય બોક્સર સરિતા દેવી ખુબ જ નિરાશ દેખાઈ હતી. સરિતા દેવી એશિયન ગેમ્સમાં મેડલ વિતરણ વેળા રડી પડી હતી અને પોતાના બ્રોન્ઝ મેડલને ગળામાં પહેરવાનો ઈનકાર કરી દીધો હતો. સરિતા દેવીએ ચંદ્રક હાથમાં લીધો હતો અને પોતાના આંસુ લુંછીને આને રજત ચંદ્રક વિજેતા સાઉથ કોરિયાની જીના પાર્કને આપી દીધો હતો. જીના પાર્કે સરિતા દેવીને મંગળવારના દિવસે સેમિફાઈનલના દિવસે વિવાદાસ્પદ નિર્ણય હેઠળ હાર આપી હતી. રેફરીના વિવાદાસ્પદ નિર્ણયથી સૌથી પહેલા તો સરિતાએ ચંદ્રક લેવાનો ઈન્કાર કરી દીધો હતો.